પ્રશ્નબેંક

વિષય : પર્યાવરણ

ધોરણ : 1 થી 5

વર્ષ : 2025-26

પ્રથમ સત્ર

ધોરણ : 3

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

Sr. No.	Learning Outcomes	વિધાન	Page No.
1	EV302	આસપાસ જોવા મળતા પક્ષી અને પ્રાણીઓને તેમના સામાન્ય લક્ષણોના આધારે ઓળખે છે. (જેમ કે, પ્રચલન, રહેઠાણ, ખોરાકની ટેવો અને અવાજ)	2
2	EV307	જુદા જુદા પ્રાણીઓ અને પક્ષીઓનાં લક્ષણો પ્રવૃત્તિઓ સમાનતા તથા અસમાનતાના આધારે જૂથ પાડે છે (જેમ કે ગમો અણગમો પ્રચલન ખોરાક અને અન્ય બાબતો)	10
3	EV301	સાદાં જોઈ શકાય તેવા લક્ષણોને આધારે આસપાસના વૃક્ષોનાં પાંદડાં, ડાળીઓ અને તેના પ્રકાંડને ઓળખે છે. (જેમકે, આકાર, રંગ,રચના,ગંધ)	15
4	EV305	વિવિધ વયજૂથના લોકો,પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો,ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.	20
5	EV310	દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓનાં ગુણધર્મો તેમજ પદાર્થોના માપ કે જથ્થા અંગે અનુમાન કરે છે.પ્રતિકાત્મક કે બિન પ્રમાણભૂત એકમો દ્વારા ચકાસણી કરે છે.(જેમ કે વેંત, ખોબો, ચમચી, જગ વગેરે)	24
6	EV311	વસ્તુઓ,પ્રવૃત્તિઓ કે મુલાકાત લીધેલાં સ્થળો અંગેની માહિતી,અનુભવો તેમજ અવલોકનોનીનોંધ કરે છે.તેના આધારે તેમની તરાહઅંગે આગાહી કરે છે.(જેમકે ચંદ્રની કળાઓ અને ઋતુઓ)	27
7	EV304	ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ,સ્થળો,ચિન્હો અને પ્રવૃત્તિઓને ઓળખે છે.(જેમકે વાસણો,ચૂલા,વાહન વ્યવહાર,સંદેશા વ્યવહારના સાધનો, સાઈન બોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાન, બસ સ્ટેન્ડ, પેટ્રોલ પંપ, વિવિધ વ્યવસાયનાં લોકો, ખોરાક 40બનાવવાની પ્રક્રિયા વગેરે	31
8	EV303	કુટુંબ અને ના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે	41
9	EV306	કુટુંબના સભ્યોની ભૂમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુક્ત કુટુંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે.	46

C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણ વનસ્પતિ,પક્ષીઓ અને પ્રાણીઓ વચ્ચે રહેલ વિવિધતા (આકાર,અવાજ,ખોરાકની ટેવો,વૃદ્ધિ,રહેઠાણ વગેરે) નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.
C-4.5 વનસ્પતિ,પક્ષીઓ અને પ્રાણીઓની જરૂરિયાતો (ખોરાક,પાણી,રહેઠાણ, કાળજી)ને ઓળખે તથા તેમને કેવી રીતે સહાય કરી શકાય તે સમજી શકે છે.
EV302- આસપાસ જોવા મળતા પક્ષી અને પ્રાણીઓને તેમના સામાન્ય લક્ષણોના આધારે ઓળખે છે. (જેમ કે, પ્રચલન, રહેઠાણ, ખોરાકની ટેવો અને અવાજ)

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરો.**(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) ધરતીના પગ નજીકથી કોઈક પ્રાણી સરકીને ગયુ. તે નીચે પૈકી કયું હશે?
(A) ગરોળી (B) કાચિંડો (C) ખિસકોલી (D) સાપ

(2) ઝાડની ડાળી પર હાર બંધ રીતે ચાલતું પ્રાણી કયું છે?
(A)મધમાખી (B) હરણ (C) કીડી (D) પોપટ

(3) ઉધઈનાં રહેઠાણને શું કહે છે?
(A)દર (B) રાફડો (C) બોડ (D)કોઢ

(4) ગણેશ નદી કિનારે પપ્પા સાથે ગયો હતો. તેણે પાણીમાં કયું પ્રાણી જોયું હશે?
(A)માછલી (B) ઊંટ (C) કીડી (D) હરણ

(5) હું જીભ વડે પાણી પીવું છું?
(A)ગાય (B) કૂતરો (C) ગધેડો (D) હાથી

(6) ઉનાળાની બપોરે મારો અવાજ સૌને સાંભળવો ગમે છે.
(A)કોયલ (B) કાગડો (C) ભેંસ (D) કૂતરો

(7) નીચેનામાંથી કયું પ્રાણી ફક્ત વનસ્પતિ ખાય છે?
(A)વાઘ (B) ચિત્તો (C) સસલું (D) શિયાળ

(8) જમીન અને પાણી બંનેમાં રહે તેવું પ્રાણી કયું છે?
(A)માણસ (B) માછલી (C) દેડકો (D) ખિસકોલી

(9) નીચેનાની જોડીઓમાંથી કઈ જોડી સાચી નથી?

(A)કરચલો- પાણી (B) ચકલી – માળો (C) ઉંદર- દર (D) વંદો-ગુફા
(10) નીચેનામાંથી ચાર પગવાળું કયું પ્રાણી વૃક્ષ ઉપર રહે છે?
(A)કબૂતર (B) ઘોડો (C) વાંદરો (D) અજગર

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ ની સામે આપેલ **0** માં ઘાટો રંગ કરો. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) હું દીવાલ પર જાળ બનાવું છું અને શિકાર પકડું છું.
0 વંદો 0 કરોળિયો 0 ગરોળી 0 માખી
(2) હું ફૂદકા મારીને દોડતું પ્રાણી છું.
0 ગાય 0 ઉંદર 0 સસલું 0 સાપ
(3) હું પાલતુ પ્રાણી છું અને ઘરની ચોકી કરું છું.
0 ઘોડો 0 ફૂતરો 0 ગાય 0 ભેંસ
(4) હું ઘરમાં માળો બનાવી રહેતું પ્રાણી છું?
0 મોર 0 તેતર 0 ચકલી 0 કાગડો
(5) હું પાંદડાઓને સીવીને મારું ઘર બનાવું છું ?
0 સુગરી 0 બુલબુલ 0 ટીટોડી 0 દરજીડો

યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) હાથી _____ વડે પાણી પીએ છે. (જીભ, હોઠ, સૂંઢ)
(2) “ફૂહું ફૂહું” અવાજ _____નો છે. (કોયલ, કાગડો, ચકલી)
(3) દીવાલના ખૂણામાં જાળું ગુંથીને રહેનાર પ્રાણી _____ છે. (ગરોળી, કરોળિયો, કાચિંડો)
(4) ડ્રાંઉં ડ્રાંઉ- અવાજ _____ નો છે (દેડકા, મગર, ફૂતરા)
(5) _____ ને કેળું ખાવું ગમે છે. (ફૂતરા, વાંદરા, પોપટ)

નીચે આપેલાં વિધાનોમાંથી ખરાં વિધાનો સામે **(✔)** ની અને ખોટાં વિધાનો સામે **(X)** ની નિશાની કરો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) ગાય જંગલમાં રહે છે. ( )
(2) ભેંસના માથે શિંગડાં હોય છે. ( )
(3) બધાં જ પ્રાણીઓ ઘાસ ખાઈને જીવે છે. ( )
(4) કાચબો જમીન અને પાણી બંનેમાં રહી શકે છે. ( )
(5) માછલી પાણીમાં તરે છે. ( )
(6) ચામાચીડિયું ઊડી શકતું નથી ( )

જોડકાં જોડો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

અ	જવાબ	બ
(1) માછલી	(1-___)	(A)દરમાં રહે છે.
(2) ખિસકોલી	(2-___)	(B) માળામાં રહે છે.
(3) મંકોડો	(3-___)	(C) ઘરમાં રહે છે.
(4) સુગરી	(4-___)	(D) પાણીમાં રહે છે.
(5) વંદો	(5-___)	(ઈ) ઝાડ પર રહે છે.

નીચેનાનું વર્ગીકરણ કરો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) માછલી, દીપડો, કરચલો, ગાય, બકરી, બતક

જમીન પર રહેતાં	પાણીમાં રહેતાં

(2) મંકોડો, ચકલી, કીડી, કાબર, સુગરી, ઉંદર

દરમાં રહેતાં	માળામાં રહેતાં

(3) માણસ, ભેંસ, વાંદરો, શિયાળ, બકરી, ગાય

શિંગડાવાળાં પ્રાણીઓ	શિંગડાં વગરનાં પ્રાણીઓ

(4) કૂતરો, પોપટ, ઘોડો, કબૂતર, બિલાડી, ચકલી

ઊડી શકે તેવાં પ્રાણીઓ	ઊડી ન શકે તેવાં પ્રાણીઓ

નીચે આપેલા પ્રાણીઓની સામે રહેઠાણનાં નામ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)
ઉદા. ઉંદર = દરમાં

(1)

ક્રમ	પ્રાણી	રહેઠાણ
1	કીડી	
2	ગાય	
3	કાચબો	

(2)

ક્રમ	પ્રાણી	રહેઠાણ
1	ખિસકોલી	
2	મગર	
3	માણસ	

(3)

ક્રમ	પ્રાણી	રહેઠાણ
1	માછલી	
2	ભેંસ	
3	કબૂતર	

ટૂંક જવાબી

નીચેના પ્રશ્નોના એક - બે શબ્દોમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)
(1) તમે જોયેલાં બે પક્ષીઓનાં નામ આપો.
(2) તમે જોયેલાં બે જંગલી પ્રાણીનાં નામ આપો.
(3) કયાં પ્રાણી પાણીમાં રહે છે? બે નામ લખો.
(4) તમને કયા પક્ષીનો અવાજ વધુ ગમે છે? બે પક્ષીઓના નામ લખો..
(5) કયા પક્ષીનાં પીંછાં તમને વધુ ગમે છે? બે પક્ષીઓના નામ લખો.

નીચેની વિશેષતા જેનામાં હોય તેવાં બે-બે પ્રાણીનાં નામ લખો. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

1. ઘરમાં પાળી શકાય તેવા પ્રાણીઓ (1)_____(2) _____
2. દરમાં રહેતાં પ્રાણીઓ (1)_____(2) _____
3. માળામાં રહેતાં પ્રાણીઓ (1)_____(2) _____
4. પાણીમાં રહેતાં પ્રાણીઓ (1)_____(2) _____
5. જીભથી પાણી પીતાં પ્રાણીઓ. (1)_____(2) _____
6. મધુર અવાજ ધરાવતાં પ્રાણીઓ (1)_____(2) _____
7. જમીન પર પેટે સરકીને ચાલતાં પ્રાણીઓ (1)_____(2) _____
8. ગુફામાં રહેતાં પ્રાણીઓ(1)_____(2) _____

નીચેના વાક્યોને આધારે કોષ્ટકમાંથી પ્રાણીઓનાં નામ શોધી તેની ફરતે વર્તુળ કરો. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

ફૂ	ક	ડો	વા	મો	જ
રો	ળી	યો	ર	ર	ક
ન	ગા	શો	મા	પા	ર
ગ	ય	મ	ન	વ	ણ
અ	ળ	સિ	યું	ક	ર
ર	ન	ડી	કા	ચ	બો

(1) હું દૂધ આપતું પ્રાણી છું, લોકો મારું પૂજન કરે છે અને માતા તરીકે મને ઓળખે છે.
(2) હું જમીન અને પાણીમાં રહું છું. મારી ચાલવાની ગતિ ધીમી છે.
(3) હું સરકીને ચાલું છું અને જમીનને ફળદ્રુપ બનાવું છું
(4) હું ટેહુક ટહુક બોલું છું. મારાં પીંછાં સૌને ગમે છે.
(5) હું વહેલી સવારે કુકડે કૂક બોલું છું.

ચિત્ર ઓળખ કરી જોડકાં જોડો. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

ચિત્રો	નામ
1. 	(A)હાથી

2. 	(B) ચકલી
3. 	(C) માછલી
4. 	**(D)** સિંહ
5. 	(ઈ) સાપ

ટૂંક જવાબી પ્રશ્નો



નીચેના ચિત્ર ઓળખી ચાર વાક્યો લખો. **(2**









તેનાં વિશે ત્રણ થી ગુણ)

C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણ વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓ વચ્ચે રહેલી વિવિધતા (આકાર, અવાજ, ખોરાકની ટેવો, વૃદ્ધિ, રહેઠાણ વગેરે) નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.
C-4.5 વનસ્પતિ, પક્ષીઓ અને પ્રાણીઓની જરૂરિયાતો (ખોરાક, પાણી, રહેઠાણ, કાળજી) ને ઓળખે તથા તેમને કેવી રીતે સહાય કરી શકાય તે સમજી શકે છે.
EV307- જુદા જુદા પ્રાણીઓ અને પક્ષીઓનાં લક્ષણો પ્રવૃત્તિઓ સમાનતા તથા અસમાનતાના આધારે જૂથ પાડે છે (જેમ કે ગમો અણગમો પ્રચલન ખોરાક અને અન્ય બાબતો)

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે**1** ગુણ**)**

(1) આઠ પગવાળું પ્રાણી કયું છે?
(A)માખી (B) મચ્છર (C) વંદો (D) કરોળિયો

(2) હરિએ એક પ્રાણીને જોયું જે કૂદકા મારીને ચાલતું હતું ?
(A) દેડકો (B) બકરી (C) હરણ (D) ખિસકોલી

(3) રમેશે નીચેના પ્રાણીઓને જોયા, તેનું ધ્યાન તેમની પૂંછડી પર ગયું, તે પૈકી સૌથી લાંબી પૂંછડી કોની હશે ?
(A) હાથી (B) ઘેટું (C) ભેંસ (D) ચામાચીડિયું

(4) મને ઓળખો મારે માથે શિંગડાં છે.
(A) વાંદરો (B) વાઘ (C) બકરી (D) બિલાડી

(5) હું પ્રાણી સંગ્રહાલય જોવા ગયો. ત્યાં મેં પટ્ટાવાળું એક પ્રાણી જોયું,તો તે નીચેનામાંથી કયું પ્રાણી હશે ?
(A) ઊંટ (B) ઝિબ્રા (C) શિયાળ (D) બકરી

(6) નીચેનામાંથી કયા પ્રાણીના બે પગ હોય છે ?
(A) ઉંદર (B) કબૂતર (C) ઊંટ (D) વંદો

(7) માણસ જેવો ચહેરો ધરાવતું પ્રાણી કયું છે ?
(A) ઘોડો (B) સસલું (C) હાથી (D) વાંદરો

(8) નીચેનામાંથી કયું પ્રાણી ખેડૂતનો મિત્ર છે ?
(A)ભૂંડ (B) ઉંદર (C) નીલગાય (D) અળસિયું

(9) ખુલ્લા રાખેલા ખોરાક પર ઉડતું જોવા મળે છે ?
(A)પતંગિયું (B) માખી (C) તીડ (D) વંદો

(10) આપણા ઘરના આંગણામાં કયું પ્રાણી આવતું નથી ?
(A)બાજ (B) ચકલી (C) કબૂતર (D) મોર

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) રણમાં સવારી માટે ઉપયોગી પ્રાણી_____ છે. (ઘોડો, ઊંટ, બળદ)
(2) _____ઊડી શકતું નથી. (ચકલી, શાહમૃગ, બગલો)
(3) _____ને પૂંછડી હોતી નથી. (ફૂતરો, ઇયળ, વાંદરો)
(4) દીવાલ પર ચાલતું પ્રાણી_____છે. (ગરોળી, સાપ, શિયાળ)
(5) _____પાણીમાં રહે છે (ચકલી, મગર, બિલાડી)

નીચે આપેલા વિધાનોમાંથી ખરા વિધાનો સામે **(√)** ની અને ખોટા વિધાનો સામે **(X)**ની નિશાની કરો. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

(1) વંદાને છ પગ હોય છે. ( )
(2) સાપ રાત્રે જોઈ શકનારું પ્રાણી છે ( )
(3) સિંહ જંગલનો રાજા નથી ( )
(4) વાઘનો ખોરાક માંસ છે. ( )
(5) બિલાડી હોઠથી પાણી પીએ છે. ( )
(6) કાગડાનો રંગ લીલો છે. ( )
(7) બતક કરતાં મોર મોટો હોય છે. ( )

જોડકાં જોડો. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

વિભાગ અ	જવાબ	વિભાગ બ
(1) રાત્રે જોવા મળે છે.	(1 -)	(A) કરોળિયો
(2) ડાળીઓ પર રહે છે.	(2 -)	(B) વાંદરો
(3) જાળું બનાવે છે.	(3 -)	(C) ચામાચીડિયું
(4) સરકી ને ચાલે છે.	(4 -)	(D) દેડકો
(5) ફૂદકા મારીને ચાલે છે.	(5 -)	(E) અજગર

વર્ગીકરણ. **(**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

1. નીચેના કૌંસમાં આપેલા પ્રાણીઓનો જીભથી પાણી પીતાં અને હોઠથી પાણી પીતાં વિભાગમાં વર્ગીકરણ કરો.

(ગાય, શિયાળ, ભેંસ, સિંહ, હરણ, વાઘ, બકરી, ફૂતરો)

જીભથી પાણી પીતાં પ્રાણીઓ	હોઠથી પાણી પીતાં પ્રાણીઓ

2. નીચેના કૌસમાં આપેલાં પ્રાણીઓનું ચાર પગવાળાં અને બે પગવાળાં પ્રાણીઓમાં વર્ગીકરણ કરો.

(કાગડો, ભેંસ, મોર, શિયાળ, પોપટ, જિરાફ, ઘુવડ, હાથી)

બે પગવાળાં પ્રાણીઓ	ચાર પગવાળાં પ્રાણીઓ

નીચેનામાંથી ખોટા શબ્દો છેકી વાક્ય સાચું બનાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) સૌથી મધુર અવાજે ટહુકો કરતું પ્રાણી કોયલ/કાગડો/કબૂતર છે.
(2) સૌથી ભોળું પક્ષી પોપટ/કબૂતર/કોયલ છે.
(3) સૌથી સુંદર માળો બનાવતું પ્રાણી સુગરી/કાગડો/ખિસકોલી છે.
(4) આપણું રાષ્ટ્રીય પક્ષી સુરખાબ/કૂકડો/મોર છે.
(5) જિરાફને બે/ચાર/છ પગ હોય છે.

ટૂંક જવાબી પ્રશ્નો

નીચેના નામોમાંથી અલગ પડતા પ્રાણી પર વર્તુળ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) સાપ, ગરોળી, મગર, ગાય
(2) બિલાડી, ચકલી, પોપટ, મોર
(3) ગાય, ભેંસ, સિંહ, બકરી
(4) કરોળિયો, ચકલી, કબૂતર, ઘુવડ
(5) માછલી, બુલબુલ, દેડકો, મગર
(6) બકરી, કૂતરો, ઘેટું, ગાય
(7) વાઘ, ઘેટું, દીપડો, સિંહ
(8) હાથી, ઘોડો, કૂકડો, ગધેડો
(9) કૂતરો, બિલાડી, ઉંદર, શિયાળ
(10) દરજીડો, વાંદરો, ચકલી, કાબર

નીચેના પ્રાણીઓની વિશેષતાઓના આધારે તેમનાં બે નામ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) કાળા રંગનું શરીર ધરાવતાં પ્રાણીઓ (1)_____(2)_____
(2) ખૂબ ઝડપથી દોડી શકતાં પ્રાણીઓ (1)_____ (2)_____
(3) ઊંચે સુધી ઉડી શકતાં પ્રાણીઓ. (1)_____ (2)_____
(4) ઘરની દીવાલ પર જોવા મળતાં પ્રાણીઓ (1)_____ (2)_____
(5) શિકાર કરીને ખોરાક મેળવતાં પ્રાણીઓ. (1)_____ (2)_____
(6) વનસ્પતિ ખાતાં પ્રાણીઓ. (1)_____ (2)_____
(7) માથે શિંગડાં ન હોય તેવાં પ્રાણીઓ. (1)_____ (2)_____
(8) પાણીમાં તરી શકતાં પ્રાણીઓ. (1)_____ (2)_____

નીચેના વાક્યોમાં કોણ છે તે ઓળખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) હું “કૂહુ-કૂહુ” બોલું છું અને કાળો મારો રંગ છે. ……
(2) હું દરમાં રહું છું, “ચૂં-ચૂં” બોલું છું. ……
(3) હું માળામાં રહું છું, “ચી-ચી” બોલું છું. ……
(4) હું “ડ્રાઉ-ડ્રાઉ” બોલું છું અને કૂદકા મારીને ચાલું છું. ……..
(5) હું પ્રાણીઓમાં મોટું છું. મારા કાન સૂપડા જેવા છે. ……..

નીચેના પ્રાણીઓને તેમના કદના આધારે માગ્યા મુજબ ક્રમમાં ગોઠવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(A) નાનાથી મોટા ક્રમમાં ગોઠવો.

(1) મોર (2) ચકલી (3) કબૂતર (4) મરઘી

1……. 2…….. 3…… 4……..

(B) મોટાથી નાના ક્રમમાં ગોઠવો.

1) બિલાડી (2) શિયાળ (3) ગાય (4) હરણ

1……. 2…….. 3…… 4……..

ટૂંક જવાબી પ્રશ્નો

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ બે ત્રણ વાક્યોમાં લખો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

(1) તમે નજીકથી અવલોકન કરેલા કોઈ એક પક્ષીનાં બે ત્રણ લક્ષણો જણાવો.

(2) ઉંદર અને કાગડાના રંગ, અવાજ અને રહેઠાણ વિશેની અસમાનતા લખો.

(3) તમે જાણતા હોય તેવા કોઈ એક પ્રાણીને શું ગમે છે અને શું નથી ગમતું? તેના વિશે લખો.

(4) તમે જોયેલા ઉડતા અને તરતા બે બે પ્રાણીઓનાં નામ લખો.

(5) કોયલ અને કાગડામાં શું ભેદ (ભિન્નતા) છે? તે લખો.

C-1.3 સ્થાનિક પર્યાવરણમાં જોવા મળતી સાદી તરાહ (પેટર્ન) (ઋતુ પરિવર્તન, આહાર, શ્રૃંખલા, ચંદ્રની કળાઓ, તારાઓ અને ગ્રહોની હિલચાલ, ઝાડ, છોડ, પાંદડા અને ફૂલોના આકાર, ધાર્મિક, વિધિઓ, ઉજવણીઓ) વિશે પ્રશ્નો પૂછે છે અને આગાહી કરે છે.
C-4.1 પોતાના સ્થાનિક પર્યાવરણમાં વનસ્પતિ, પક્ષીઓ, અને પ્રાણીઓ વચ્ચે રહેલ વિવિધતા (આકાર, અવાજ, ખોરાકની ટેવો, વૃદ્ધિ, રહેઠાણ વગેરે)નું અવલોકન અને તેનું વર્ણન કરે છે.
EV301 સાદાં જોઈ શકાય તેવા લક્ષણોને આધારે આસપાસના વૃક્ષોનાં પાંદડાં, ડાળીઓ અને તેના પ્રકાંડને ઓળખે છે. (જેમકે, આકાર, રંગ,રચના,ગંધ)

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ આપો. **(**દરેક સાચા જવાબ **માટે 1 ગુણ)**

1. કરવત જેવી ધારવાળા પાંદડાં કયા વૃક્ષનાં હોય છે?
(A) લીમડો (B) આંબો (C) જામફળી (D) પીપળો
2. નીચેનામાંથી કયો છોડ બગીચામાં જોવા મળતો નથી?
(A) મહેંદી (B) જાસૂદ (C) ગુલાબ (D) કપાસ
3. જેની વડવાઈ પર હિંચકા ખાઈ શકાય તે કયું વૃક્ષ છે?
(A) આંબો (B) આસોપાલવ (C) વડ (D) ચંપો
4. દાતણ કરવા કયા વૃક્ષની ડાળીનો ઉપયોગ થતો નથી?
(A) બાવળ (B) લીમડો (C) કણજી (D) આંબો
5. કઈ વનસ્પતિના પાનનો ઉપયોગ તોરણ બનાવવા માટે કરવામાં આવે છે?
(A) વડ (B) આસોપાલવ (C) નાળિયેરી (D) તાડી
6. લીમડાના પાનનો સ્વાદ કેવો હોય છે?
(A) તૂરો (B) ખાટો (C) તીખો (D) કડવો
7. વૃક્ષના જાડા ભાગને શું કહેવાય છે?
(A) થડ (B) પાન (C) મૂળ (D) ફળ
8. કયા વૃક્ષનાં પાન પાતળાં અને લાંબા હોય છે?
(A) આંબો (B) વડ (C) કરેણ (D) ચીકું
10. ફાલ્ગુનીને નીચે ખરેલાં કેટલાંક પાન મળ્યાં. તેમાં એક પાન ગોળ હતું. તો તે કયા વૃક્ષનું હશે?
(A) મકાઈ (B) શેરડી (C) કેળ (D) બોરડી

11. કેટલાક છોડને આધાર મેળવવા માટે અન્ય વૃક્ષો પર ચઢવું પડે છે. છોડને આ કરવાની જરૂર પડે છે કારણ કે_____
(A) તેમના મૂળ મજબૂત હોય છે. (B) તેમનાં પ્રકાંડ લીલાં હોય છે.
(C) તેમના ફૂલોમાં ચમક હોય છે. (D) તેમના પ્રકાંડ નબળાં હોય છે.
12. મને ઓળખો.



13. ગીતાએ એક ઝાડના થડ પર હાથ ફેરવ્યો. તેને ખરબચડું લાગ્યું. તો તે ઝાડ કયું હશે?
(A) આંબો (B) લીમડો (C) બીલી (D) પપૈયું

(A) બાવળ (B) આમળા (C) જાસૂદ (D) નિલગીરી

14. રમેશે નીચેની વનસ્પતિનાં થડને બટકું ભર્યું. તો તેને તે ગળ્યું લાગ્યુ. તો તે વનસ્પતિ કઈ હશે?
(A) બાજરી (B) ગલગોટા (C) શેરડી (D) કપાસ

15. કયા વૃક્ષનું થડ સુગંધીદાર હોય છે?
(A) સુખડ (B) બાવળ (C) જામફળી (D) જાંબુ

16. અજમાના પાનનો સ્વાદ કેવો હોય છે?
(A) તૂરો (B) તીખો (C) ખારો (D) ગળ્યો

કૌંસમાં આપેલ વિકલ્પેમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી નીચેની ખાલી જગ્યા પૂર્ણ કરો.(દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1. ..... અણીદાર ટોચવાળું પાન ધરાવે છે.
(બોર, કમળ, પીપળો)

2. નીચેનાંમાંથી _____ ના પાનની કિનાર ખાંચાવાળી હોય છે.
(આંબા, જાસૂદ, ખાખરા)

3. _____ નું પાન મોટું હોય છે.
(કેળ, આંબો, પીપળો)

4. આમલીનાં વૃક્ષના પાનનો સ્વાદ _____ હોય છે.
(ખાટો, તૂરો, કડવો)

5. _____ ના પાનનો ઉપયોગ ચા બનાવવા કરવામાં આવે જેથી ચા સ્વાદિષ્ટ બને છે.
(ફુદીના, ધાણા, લીમડો)

6. વધુ છાંયો ધરાવનાર વૃક્ષ_____ છે. (ચીકુડી, નાળિયેરી, પપૈયું)
7. _____વૃક્ષનાં પાંદડાં સુગંધિત હોય છે. (નિલગીરી, તાડી, નાળિયેરી)
8. ઘટા ધરાવનાર વૃક્ષ _____ છે. (આસોપાલવ, કેસુડો, ગુલમહોર)

નીચેના વિધાન માટે ખરાંની સામે √ ની નિશાની કરો અને ખોટાંની સામે × ની નિશાની કરો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1. કડવાં લીમડાનાં પાનનો ઉપયોગ કઢી બનાવવા માટે થાય છે.
2. વડની વડવાઈ પર હિંચકા ખાઈ શકાય છે.
3. બધાં વૃક્ષોના પાન એક જેવા સરખાં જોવા મળે છે.
4. ફુદીનાનો ઉપયોગ અથાણું બનાવવા કરવામાં આવે છે.
5. દરેક વૃક્ષના પાનનો આકાર, રંગ, ગંધ,જુદાં જુદાં હોય છે.
6. આંબાના વૃક્ષનું પાન કરવત જેવાં દાંતાવાળું હોય છે.
7. બગીચામાં વૃક્ષના પાન અને ફૂલ તોડવા જોઈએ.
8. વડનું વૃક્ષ ઘટાદાર અને મોટું હોય છે.
9. કરેણની ડાળીનો ઉપયોગ દાતણ તરીકે કરીએ છીએ.
10. દરેક વૃક્ષનાં થડ અને પાંદડાં સરખા હોય છે.
11. આસોપાલવના પાનનો ઉપયોગ તહેવાર અને પ્રસંગમાં ઘરને શણગારવા કરીએ છીએ.

જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

(1)

અ	બ
1. લીમડાનું પાન (1.___)	(A) સ્વાદે ગળ્યું
2. પીપળાનું પાન (2.___)	(B) સ્વાદે કડવું
3. તુલસીનું પાન (3.___)	(C) સ્વાદે ખાટું
4. આંબલીનું પાન (4.___)	(D) સ્વાદે તીખું
5. ચણોઠીનું પાન (5.___)	(E) સ્વાદે તુરુ

(2)

અ	બ
1. સુખડનું થડ	(1.___) (A) લીસું
2. બાવળનું થડ	(2.___) (B) સુગંધીદાર
3. નિલગીરીનું થડ	(3.___) (C) કાંટાવાળું
4. થોરનું થડ	(4.___) (D) ખરબચડું

વર્ગીકરણ. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ)

(1) નીચેની વનસ્પતિને 'જાડું થડ' અને 'પાતળું થડ' વિભાગમાં વર્ગીકરણ કરો.
(બારમાસી, આંબો, તુલસી, મેથી, લીમડો, આસોપાલવ)

જાડું થડ	પાતળું થડ

(2) નીચેની વનસ્પતિને 'ગોળ પાન' અને 'લાંબા પાન' વર્ગીકરણ કરો.
(બોરડી, મકાઈ, કેળ,વડ, બારમાસી ,શેરડી)

ગોળ પાન	લાંબા પાન

(3) નીચે આપેલ વનસ્પતિના પાનનેતેના આકારને આધારે નાનાથી મોટા ચઢતાં ક્રમમાં લખો.
(1)કેળ (2) બારમાસી (3) આકડો (4) ગુલમહોર
_____,_____,_____,_____

ટૂંક જવાબી પ્રશ્નો

મને ઓળખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1. હું કાંટાવાળું, નાના પાન વાળું, અને ડાળીનો દાંતણ તરીકે ઉપયોગ કરી શકાય તે વૃક્ષ છું. _____
2. મારાં પાન મોટાં છે, તેમજ મારા ફળ લાંબા અને પીળા હોય છે. _____
3. મારાં પાન ખાટાં અને નાનાં હોય છે. _____
4. હું ઘટાદાર વૃક્ષ છું, મારા છાયામાં સૌ વિસામો લે છે._____
5. મારા પાન, છાલ, ડાળી સ્વાદે કડવી છે. _____
6. હું કરવત જેવાં પાન ધરાવું છું. મારા ફૂલ લાલ હોય છે._____
7. હું ઘર આંગણાનો છોડ છું અને મારા પાનનો ઉપયોગ ઔષધ તરીકે થાય છે. _____

એક વાક્યમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1. કઢીને સ્વાદિષ્ટ બનાવવા કઈ વનસ્પતિનાં પાનનો ઉપયોગ થાય છે?
2. કયા વૃક્ષની ડાળીનો દાતણ તરીકે ઉપયોગ કરીએ છીએ?
3. કયા પાંદડાંઓની ગંધ તમે ઓળખી શકો છો જણાવો?
4. કઈ વનસ્પતિના પાનનો આપણે ભોજન બાદ મુખવાસ તરીકે ઉપયોગ કરીએ છીએ?
5. કપાસના પાનને કુલ કેટલી અણીઓ હોય છે?
6. વનસ્પતિના પર્ણનો સામાન્ય રંગ કયો હોય છે?
7. કઈ વનસ્પતિના પાંદડાઓથી હાથ લાલ રંગના થાય છે?

ચિત્ર ઓળખો અને તેની નીચે તેનું નામ લખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)





ટૂંક જવાબી પ્રશ્નો

બે ત્રણ વાક્યમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ**)**

1. બધાં જ વૃક્ષની છાલ અને પાંદડાં એક સરખાં હોય તો શું થાય?
2. તમને કયા વૃક્ષના પાન ગમે છે?
3. તમને કયા કયા પાનની સુગંધ ગમે છે?
5. પાતળા થડ ધરાવતા વૃક્ષના નામ લખો.
6. વૃક્ષની લાગણીઓ ક્યારે દુભાય છે?
7. જાડાં થડ ધરાવતી વનસ્પતિનાં નામ જણાવો?
8. સુકાઈ ગયેલાં વૃક્ષ અને પાંદડાનો ઉપયોગ જણાવો?
9. કઈ વનસ્પતિનાં પાંદડા લાલ કે જાંબલી રંગ જેવા હોય છે?

C-4.3 પોતાના સ્થાનિક પર્યાવરણમાં રહેલ કુદરતી સંસાધનોના ઉપયોગને વર્ણવે છે.
C-4.4 કુદરતી સંસાધનો જેવા કે વનસ્પતિઓ,વરસાદી પાણી અને સૂક્ષ્મ ધાન્ય (Millets)ને કેવી રીતે વહેંચી શકાય,જાળવી શકાય અને તેનું સંરક્ષણ કરી શકાય તે પ્રદર્શિત કરે છે.
EV305 વિવિધ વયજૂથના લોકો,પ્રાણીઓ અને પક્ષીઓની ખોરાકની જરૂરિયાતો, ખોરાક અને પાણીની ઉપલબ્ધિ તથા તેમના ઘર અને આસપાસના પાણીના ઉપયોગ અંગેનું વર્ણન કરે છે.

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

1. વરસાદ લાવવામાં કોણ મદદરૂપ થશે નહીં?
(A)સૂર્ય (B) દરિયો (C) જંગલ (D) કૂવો
2. રિયાના ઘરે રોજિંદા કાર્યોમાં પાણી વપરાય છે, તો નીચે પૈકી કયા કાર્ય માટે પાણીનો વધારે વપરાશ થતો હશે?
(A)પીવા માટે (B) કપડાં ધોવા માટે
(C) રસોઈ માટે (D) ન્હાવા માટે
3. પાણી વગર રહી શકે તેને ઓળખી બતાવો.
(A)વનસ્પતિ (B) મનુષ્ય (C) પર્વત (D) પશુ-પંખી
4. હું મીઠા પાણીનો સ્રોત નથી છતાં મારી પાસે પુષ્કળ પાણીનો જથ્થો છે.
(A)નદી (B) દરિયો (C) તળાવ (D) ઝરણાં
5. અલગ પડતા પાણીના સ્રોતના નામને શોધો.
(A)જળધોધ (B) કૂવો (C) નદી (D) દરિયો
6. હું જીવન ટકાવી રાખવા માટે ખૂબ મહત્વનું છું.
(A)ટી.વી. (B)મોબાઈલ (C)પાણી (D) વાહન
7. નીચેના બધામાં પાણી હોય છે.તેમાંથી કયો સ્રોત કુદરતી સ્રોત છે?
(A)નળ (B) નદી (C) માટલું (D) ટાંકી

8. પૃથ્વી પર સૌથી વધારે પાણી ક્યાંથી પ્રાપ્ત થાય છે?
(A)વરસાદ (B) નદી (C) કૂવો (D)તળાવ
9. મીઠા પાણીનો સ્રોત:નદી:ખારા પાણીનો સ્રોત:
(A)તળાવ (B) સરોવર (C) મહાસાગર (D) ઝરણું
10.પાણીની જરૂરિયાત સૌથી વધુ કઈ પ્રવૃત્તિમાં પડશે?
(A)પીવા માટે (B) ખેતી કરવા (C) સ્નાન કરવા (D) રસોઈ કરવા
11.કઈ પ્રવૃત્તિ કરવા માટે પાણીની જરૂર નથી?
(A)ચા બનાવવા (B) માટી ગૂંદવા (C) હોડી ચલાવવા (D) ગાવામાં
12. કઈ ક્રિયામાં પાણીની જરૂરિયાત ઓછી પડશે?
(A)સ્નાન માટે (B) ખેતી કરવા (C) પીવા માટે (D) રસોઈ કરવા

13. નીચેનામાંથી પાણી માટેનો મુખ્ય સ્રોત કયો છે?

(A)નદી (B) સમુદ્ર (C) વરસાદ (D) તળાવ

14. પાણી વિના થઈ શકતી પ્રવૃત્તિ કઈ છે?

(A)રસોઈ બનાવવી (B) કબડ્ડી રમવી (C) ખેતી કરવી (D) કપડાં ધોવાં

ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. પગથિયાંવાળા કૂવાને _____ કહે છે._ (વાવ, તળાવ, ડંકી)
2. દરિયાનું પાણી સ્વાદે_____ હોય છે. (મીઠું, કડવું, ખારું)
3. પાણીનો સૌથી મોટો સ્રોત_____ છે. (દરિયો, વરસાદ, તળાવ)
4. _____ નું પાણી ભેગું થઈને નદી બને છે.(ઝરણાં, જળધોધ, સરોવર)
5. _____નું પાણી ખારું હોય છે. (નદી, ઝરણાં, દરિયો)

નીચેના વિધાનોમાંથી સાચાં વિધાનોની સામે ખરાની (√) અને ખોટાં વિધાનોની સામે ખોટાની (X) નિશાની કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. પાણી વગર ખેતી થઈ શકે છે.
2. .પાણીનો મુખ્ય સ્રોત નદી છે.
3. પાણીનો સ્વાદ ગળ્યો હોય છે.
4. હોડી પાણીમાં ચાલે છે.
5. વરસાદી પાણી નળ દ્વારા ટાંકીમાં જાય છે.
6. ઝરણાનું પાણી ગંદુ હોય છે.
7. દરિયાનું પાણી ખારું હોય છે.

જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

અ	બ	જવાબ
1. 	અ. તળાવ	(1. - _____)
2. 	બ. ચેકડેમ	(2. - _____)
3. 	ક. વાવ	(3. - _____)
4. 	ડ. ડેમ	(4. - _____)
5. 	ઈ.કૂવો	(5. - _____)

વર્ગીકરણ કરો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. નદી, કૂવો, દરિયો, હેન્ડપંપ, ઝરણું, બંધ

કુદરતી સ્રોત	કૃત્રિમ સ્રોત

2. ડેમ, વરસાદ, કૂવો, ખેતતલાવડી, નદી, તળાવ

પાણીના સ્રોતો	પાણીનાં સંગ્રહસ્થાનો

ટૂંક જવાબી પ્રશ્નો

એક-બે શબ્દમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. પગથિયાંવાળા કૂવાને શું કહેવાય?
2. પાણીનો સૌથી મોટો સ્રોત કયો છે?
3. પાણી સંગ્રહ કરવાની મોટી યોજનાને શું કહે છે?
4. નદી પર થોડા-થોડા અંતરે પાણીના સંગ્રહ માટે શું બનાવવામાં આવે છે?
5. તળાવ અને સરોવર ભરવા માટે પાણીનો કયો કુદરતી સ્રોત જરૂરી છે?
6. દરિયાનું પાણી સ્વાદે કેવું હોય છે?

ટૂંક જવાબી **પ્રશ્નો**

એક-બે વાક્યમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. આપણને પીવાલાયક પાણી ક્યાંથી મળે છે?
2. વરસાદી પાણીનો સંગ્રહ ક્યાં-ક્યાં થાય છે?
3. દરિયાનું પાણી શા માટે પી શકાતું નથી?
4. વરસાદને પાણીનો મુખ્ય સ્રોત કેમ કહેવામાં આવ્યો છે?
5. નદીઓમાં પાણી ક્યાંથી આવતું હશે?
6. ખેડૂતો ખેતી કરવા માટે પાણી ક્યાંથી મેળવે છે?

નિબંધ પ્રકારના પ્રશ્નો

(દરેક સાચા જવાબ માટે 3 ગુણ)

1. પાણીના કોઈ પણ ત્રણ ઉપયોગ લખો.
2. ઘરમાં પાણીનો ઉપયોગ કયા કયા કામ માટે કરવામાં આવે છે?
3. રોજીંદી ક્રિયાઓ સિવાય પાણીનો ઉપયોગ કઈ-કઈ જગ્યાએ થાય છે?

C-4.3 પોતાના સ્થાનિક પર્યાવરણમાં રહેલ કુદરતી સંસાધનોના ઉપયોગ ને વર્ણવે છે.
C-4.4 કુદરતી સંસાધનો જેવા કે વનસ્પતિઓ,વરસાદી પાણી અને સૂક્ષ્મ ધાન્ય (Millets)ને કેવી રીતે વહેંચી શકાય,જાળવી શકાય અને તેનું સંરક્ષણ કરી શકાય તે પ્રદર્શિત કરે છે
EV310 દૈનિક જીવનમાં ઉપયોગી વસ્તુઓનાં ગુણધર્મો તેમજ પદાર્થોના માપ કે જથ્થા અંગે અનુમાન કરે છે.પ્રતિકાત્મક કે બિન પ્રમાણભૂત એકમો દ્વારા ચકાસણી કરે છે.(જેમ કે વેંત, ખોબો, ચમચી, જગ વગેરે)

હેતુલક્ષી પ્રશ્નો

યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. નીચેનામાંથી કઈ વસ્તુ ઘરમાં પાણીના સંગ્રહ માટે વાપરવામાં આવતી નથી?
   (A)માટલું (B) જગ (C) ડોલ (D) ટેન્કર
2. સીતા પાસે નીચેના પાત્રો છે.તેમાંથી કયા પાત્રમાં પાણી વધુ સમાશે?
   (A)જગ (B) માટલું (C) ડોલ (D) પ્યાલો
3. વરસાદી પાણીના સંગ્રહ સાથે જોડાયેલ નથી.
   (A)નદી (B) ખેતતલાવડી (C)ચેક ડેમ (D) ભૂગર્ભ ટાંકી
4. રમેશ એક દિવસ ફરવા ગયો, તેણે નીચેના સ્થળો જોયાં. તો તેને તે પૈકી સૌથી વધારે પાણી શામાં જોવા મળ્યું હશે?
   (A)તળાવ (B) નદી (C) કૂવો (D) દરિયો
5. અલગ પડતો શબ્દ શોધો.
   (A)ડોલ (B) પ્યાલો (C) માટલું (D) કૂવો
6. નીચેના પૈકી ક્યા પાત્રમાં વધારે પાણી સમાશે?
   (A)લોટો (B) જગ (C) કપ (D) ચમચી
7. દક્ષા પાસે એક જગ છે,તેને શાના દ્વારા ઝડપીભરી શકાશે?
   (A)ચમચી (B) વાટકી (C) લોટો (D) તપેલી

8. સ્નાન કરવા માટે તમે કેટલું પાણી વાપરો છો?
   (A) ૫ લિટર (B) 50 લિટર (C) 15 લિટર (D) 100 લિટર

ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. જગ કરતાં વધુ પાણી____ પાત્રમાં સમાશે. (ડોલ, લોટો, કપ)
2. .સૌથી ઓછું પાણી____ પાત્રમાં સમાશે. (કપ, ચમચી, પ્યાલો)
3. _____ એ ગુજરાતની જીવાદોરી છે. (ગંગા, નર્મદા, તાપી)
4. સૌથી વધુ પાણીનો સંગ્રહ_____ માં થાય છે. (બોરીબંધ, ખેત તલાવડી, ડેમ)
5. પાણીમાં____ પદાર્થ ઝડપથી ઓગળી જશે. (ખાંડ, મીઠું, રેતી)

નીચેના વિધાનોમાંથી સાચા વિધાનોની સામે ખરાની(√) અને ખોટા વિધાનોની સામે ખોટાની(×) નિશાની કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. નદી કરતાં તળાવ મોટું હોય છે.
2. વધારે વરસાદ પડે તો નદીમાં પુર આવે છે.
3. નદીમાંથી જ વધુ પાણી જોવા મળે છે.
4. સરોવર કરતાં તળાવ મોટું હોય છે.
5. પાણી સજીવો માટે અણમોલ છે.
6. ચોમાસામાં સૌથી વધુ પાણી મળે છે
7. ખેતતલાવડી નદી કિનારે બનાવવામાં આવે છે.
8. નદી પર ચેકડેમ નજીક નજીક બનાવવામાં આવે છે.

જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

અ	બ	જવાબ
1. પાણીમાં ઓગળે છે	અ. જે તે પાત્ર જેવો	(1-_____)
2. પાણીનો રંગ છે	બ. પાંચ પ્યાલા	(2-_____)
3. પાણીનો આકાર	ક. માટલું અને ડોલ	(3-_____)
4. એક જગમાં આશરે પાણી સમાય	ડ. કાચ જેવો	(4-_____)
5. લગભગ સરખું પાણી સમાય	ઈ. મીઠું	(5-_____)

વર્ગીકરણ. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

(પ્યાલો, વાટકી, માટલું, ડોલ, લોટો, ઘડો)

જગ કરતાં મોટું	જગ કરતાં નાનું

ટૂંક જવાબી પ્રશ્નો

એક-બે શબ્દમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. તમારા ઘરે પીવા માટેનું પાણી કયા પાત્રમાં ભરો છો?
2. તમે જાણતા હોય એવી બે નદીનાં નામ લખો.
3. મનુષ્યએ દિવસમાં કેટલા લિટર પાણી પીવું જોઈએ?
4. તમારા ઘરમાં પાણી ક્યાંથી આવે છે?
5. નદી પર થોડા-થોડા અંતરે પાણીના સંગ્રહ માટે શું બનાવવામાં આવે છે?

ટૂંક જવાબી પ્રશ્નો

એક-બે વાક્યમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1. તમારી આસપાસના લોકો પાણીનો સંગ્રહ કયા-કયા વાસણોમાં કરે છે?
2. જમીનમાંથી પાણી કેવી રીતે બહાર લાવીએ છીએ?
3. પાણી કોને કોને જીવાડે છે?
4. પાણીનો સંગ્રહ કરી શકાય એવાં વાસણોની યાદી બનાવો.

નિબંધ પ્રકારના પ્રશ્નો

(દરેક સાચા જવાબ માટે **3** ગુણ**)**

1) વરસાદનું પાણી ક્યાં-ક્યાં ભેગું થાય છે?
2) જો ગામની ટાંકીમાં પાણી ઓછું હોય તો લોકો પાણી માટે શું કરશે?
3) ઘરમાં પાણી વેડફાય નહિ તેના માટે તમે શું શું કરશો?

C-4.3 પોતાના સ્થાનિક પર્યાવરણમાં રહેલ કુદરતી સંસાધનોના ઉપયોગને વર્ણવે છે.
C-4.4-કુદરતી સંસાધનો જેવા કે વનસ્પતિઓ,વરસાદી પાણી અને સૂક્ષ્મ ધાન્ય (Millets)ને કેવી રીતે વહેંચી શકાય,જાળવી શકાય અને તેનું સંરક્ષણ કરી શકાય તે પ્રદર્શિત કરે છે.
EV311: વસ્તુઓ,પ્રવૃત્તિઓ કે મુલાકાત લીધેલાં સ્થળો અંગેની માહિતી,અનુભવો તેમજ અવલોકનોની નોંધ કરે છે.તેના આધારે તેમની તરાહઅંગે આગાહી કરે છે.(જેમકે ચંદ્રની કળાઓ અને ઋતુઓ)

હેતુલક્ષી પ્રશ્નો

નીચે આપેલ પ્રશ્નોનો સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

1. પાણીના પ્રાપ્તિસ્થાનોને જથ્થાની રીતે ઊતરતા ક્રમમાં ગોઠવતા જૂથને પસંદ કરો.
   (A) દરિયો, નદી, સરોવર, તળાવ (B) તળાવ, સરોવર,નદી,દરિયો
   (C) તળાવ, સરોવર, દરિયો, નદી (D) સરોવર, તળાવ, નદી, દરિયો
2. લલિતાને તેના વર્ગશિક્ષકે પૂછ્યું કે; કયો તહેવાર પાણી સાથે જોડાયેલો છે?
   (A)ઉત્તરાયણ (B) હોળી (C) નાતાલ (D) ઈદ
3. કયું પ્રાણી વરસાદ આવવાથી રાજી થશે?
   (A)ગાય (B) દેડકો (C) બકરી (D)ઊંટ
4. રેઈનકોટ કઈ ઋતુ સાથે સંકળાયેલ છે?
   (A)હેમંત (B) ગ્રીષ્મ (C) શરદ (D) વર્ષા
5. જો વરસાદ ના પડે તો કઈ સમસ્યા પેદા થાય?
   (A)પૂર આવવું (B) દુકાળ પડવો (C) આભ ફાટવું (D) લીલોકાળ પડવો
6. તમે તમારા ઘરે પીવા માટે પાણી ક્યાંથી મેળવશો?
   (A)નદીમાંથી (B) ઝરણામાંથી (C) નળ કે હેન્ડપંપ (D) દરિયામાંથી
7. હાલની સ્થિતિ મુજબ કુદરતના ક્યા સ્રોતનું પાણી ચોખ્ખું જોવા મળે છે?
   (A)નદી (B) તળાવ (C) દરિયો (D) ઝરણું
8. વિમુનાં પડોશી તેમની ચોકડીનો નળ ચાલુ રાખે છે,તેથી પાણીનો બગાડ થાય છે. તો નીચેનામાંથી વિમુ શું કરશે?
   (A)પડોશીને ઠપકો આપશે. (B) ચાલુ નળને બંધ કરશે.
   (C)તેના પપ્પાને જણાવશે. (D) કઈ જ નહિ કરે

ખાલી જગ્યા પૂરો**. (**દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

1. જળ એ_____ છે.(જીવન, મૃત્યુ, આદર્શ)

2. નર્મદા નદી પર પાણીનો સંગ્રહ કરવા માટે_____ બંધ બનાવવામાં આવ્યો છે. (કડાણા, ઉકાઈ, સરદાર સરોવર)
3. ચોમાસામાં _____ ની જરૂર પડતી નથી. (રેઈનકોટ, સ્વેટર, છત્રી)
4. માછલી _____ વગર જીવી શકે નહિ. (ચોકલેટ, ફળ, પાણી)
5. ગરમ પાણીના કુંડ_____ માં આવેલાં છે. (ટુવા-ટીંબા, પાટણ, અમદાવાદ)
6. જો વરસાદ ન પડે તો _____ થાય. (દુકાળ, હેલી, વાવાઝોડું)

નીચેના વિધાનોમાંથી સાચા વિધાનોની સામે ખરાંની (√)અને ખોટાં વિધાનોની સામે ખોટાંની (X) નિશાની કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. પાણીનો બગાડ અટકાવવો જોઈએ.
2. રેઇનકોટ ચોમાસમાં પહેરાય.
3. વધુ વરસાદ પડે તો દુકાળ પડે.
4. વરસાદનું પાણી જમીનમાં કુદરતી રીતે સંગ્રહાય છે.
5. ઝરણાનું પાણી ગંદુ હોય છે.
6. મોરને વરસાદ ખૂબ ગમે છે.
7. મકાઈમાંથી ધાણી બનાવવા માટે પાણીની જરૂર પડે છે.
8. વૃક્ષો ઊગાડવા માટે પાણીની જરૂર પડે છે.

જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

અ	બ	જવાબ
1. 	અ. પીવા માટે	
2. 	બ. સિંચાઈ માટે	
3. 	ક. ગરમ પાણી માટે	
4. 	ડ. શુધ્ધ પાણી માટે	
5. 	ઈ. પશુઓને પીવા માટે	

વર્ગીકરણ કરો. (દરેક સાચા જવાબ માટે 2 ગુણ)

1.રમત રમવા, સ્નાન કરવા, તરવા માટે, ગાવામાં, માટી ગૂંદવા માટે, લખવા માટે

પાણીની જરૂર પડે	પાણીની જરૂર નાં પડે

2.ડેમ, વરસાદ, કૂવો, ખેતતલાવડી, નદી, તળાવ

પાણીનાં સ્રોતો	પાણીનાં સંગ્રહસ્થાનો

ટૂંક જવાબી પ્રશ્નો.

એક-બે શબ્દમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ**)**

1. પાણીનો બગાડ થતો જોયો હોય તેવી બે જગ્યાનાં નામ લખો.
2. અશુદ્ધ પાણી પીવાથી શું થાય?
3. તમે ચાલુ નળ જુઓ તો શું કરશો?
4. પાણીમાં શું ઓગળતું નથી?
5. સૌથી વધારે પાણીનો ઉપયોગ ક્યા કામ માટે થાય છે?

ટૂંક જવાબી પ્રશ્નો

એક-બે વાક્યમાં જવાબ લખો**. (**દરેક સાચા જવાબ માટે **2** ગુણ**)**

1. બગીચામાં છોડ શાથી સુકાઈ જાય છે?
2. વરસાદ ન પડે તો તેની ખેતી પર શી અસર થાય છે?
3. પાણી વગર ન થઈ શકે તેવી પ્રવૃત્તિઓ કે કાર્યોના નામ લખો.
4. તમને આવડતું પાણી વિશેનું જોડકણું લખો.

નિબંધ પ્રકારના પ્રશ્નો

(દરેક સાચા જવાબ માટે **3** ગુણ**)**

1.પાણીનો બગાડ ક્યાં-ક્યાં થાય છે?

C-1.1 પોતાની આસપાસના પર્યાવરણના નૈસર્ગિક (જંતુઓ, છોડ, પક્ષીઓ, પ્રાણીઓ, ભૌગોલિક લાક્ષણિકતાઓ, સૂર્ય, ચંદ્ર, તારાઓ, ગ્રહો, નૈસર્ગિક સંસાધનો) અને સામાજિક (મકાનો,સંબંધો)ઘટકોનું અવલોકન કરી અને ઓળખે.
C-1.2 કુટુંબ અને સમુદાયમાં સંબંધો (જેવા કે, માણસો/પ્રાણીઓ/પ્રકૃત્તિ વચ્ચેના) તથા સામાજિક પરંપરાઓ (જેવી કે કલા સ્વરૂપો, ઉજવણીઓ, તહેવારો)નું વર્ણન કરે છે.
EV304- ઘર, શાળા અને આસપાસના વિસ્તારની વસ્તુઓ,સ્થળો,ચિન્હો અને પ્રવૃત્તિઓને ઓળખે છે.(જેમકે વાસણો,ચૂલા,વાહન વ્યવહાર,સંદેશા વ્યવહારના સાધનો, સાઈન બોર્ડ, વિવિધ પ્રકારના ઘર અને આશ્રયસ્થાન, બસ સ્ટેન્ડ, પેટ્રોલ પંપ, વિવિધ વ્યવસાયનાં લોકો, ખોરાક બનાવવાની પ્રક્રિયા વગેરે

હેતુલક્ષી પ્રશ્નો

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. આપણી મરજી વિરૂદ્ધ ઘરમાં રહેતું પ્રાણી કયું છે?
   A હાથી B કાગડો C કીડી D કુતરું
2. પોતાની લાળમાંથી કયું પ્રાણી ઘર બનાવે છે?
   A મધમાખી B કીડી C ગરોળી D કરોળિયો
3. શુભ પ્રસંગે કયા વૃક્ષના પાનનું તોરણ બનાવવામાં આવે છે?
   A વડ B પીપળો C આસોપાલવ D લીમડો
4. નીચેનામાંથી કયું સાધન ઘરસફાઈ માટે ઉપયોગી નથી ?
   A કોદાળી B ઊભું ઝાડું C પોતું D સાવરણી

યોગ્ય વિકલ્પ પસંદ કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 કરોળિયો પોતાનું ઘર કેવી રીતે બનાવે છે?
(A) વાળથી (B) પગથી (C) પીંછાથી (D) લાળથી

2 મધમાખીના ઘરને કયા નામથી ઓળખવામાં આવે છે?
(A) માળો (B) જાળું (C) મધપૂડા (D) દર

3 નીચેનામાંથી કઈ જોડ ઘર શણગારવાની સામગ્રી છે?
(A) આસોપાલવ અને રંગોળી (B) પાણી અને ફિનાઈલ
(C) ઊભું ઝાડું અને પોતું (D) સાવરણી અને ડોલ

4 કયું પ્રાણી કતારબંધ ચાલતું પ્રાણી છે?
(A) વંદો (B) કીડી (C) કબૂતર (D) સાપ

5 નીચેનામાંથી કયું જૂથ સાચું છે.

અ વિભાગ	બ વિભાગ
1 પાંદડા સીવીને બનાવેલો માળો	A ક્રિસમસ ટ્રી
2 શુભ પ્રસંગે	B ઘરનો એક ભાગ
3 નાતાલ	C દરજીડો
4 વરંડો	D રંગોળી દીવડા

5 દિવાળી E આસોપાલવનું તોરણ.

(A) 1-C,2-E,3-A,4-B,5-D (C) 1-E,2-C,3-B,4-D,5-A

(C) 1-B,2-A,3-D,4-C,5-E (D) 1-C,2-D,3-E,4-A,5-B

6. નીચેનામાથી કયું જોડકું બંધ બેસતું નથી

(A) નાતાલ – ક્રિસમસટ્રી (B) વરંડો –ઘરનો એક ભાગ

(C) પાંદડાથી સીવેલો માળો - કબૂતર (D) દિવાળી – રંગોળી

યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1. ઘરને સ્વચ્છ રાખવા માટે ઘરની _____ કરવી પડે છે.(ગંદકી, સફાઈ, તોડફોડ)
2. પોતાની લાળનું જાળું બનાવીને _____ પ્રાણી તેમાં રહે છે.

(સુગરી, કીડી, કરોળિયો)

3. ઘરના _____ માં રસોઈ બનાવવામાં આવે છે. (બેઠકરૂમ, બાથરૂમ, રસોડા)
4. મહેમાન આવે ત્યારે ઘરના _____ ભાગમાં બેસે છે.

(બાથરૂમ, બેઠકરૂમ, રસોડું)

5. નાહવા માટે ઉપયોગમાં લેવાતા ઘરના ભાગને _____ જગ્યા કહેવામાં આવે છે.

(રસોડુ, બેડરૂમ, બાથરૂમ)

6. ઘરમાં હવા ઉજાસ માટે _____ મૂકવામાં આવે છે. (ધાબું, દીવાલ, બારી)

7. _____ઘરમાં ભીંત પર ચોંટીને ચાલે છે.

(ચકલી, ગરોળી, કૂતરો)

8.પક્ષીઓના ઘરને _____ કહેવામાં આવે છે. (જાળું, માળો, માધપૂડો)
9.કીડી અને મંકોડા_____ માં રહે છે. (દર, માળા, જાળાં)
10. દિવાળીના દિવસે ઘરની આજુબાજુ _____ પ્રગટાવવામાં આવે છે.

(ક્રિસમસ ટ્રી, તોરણ, દિવડા)

11. શુભ પ્રસંગે ઘરના બારણે _____ ના પાનના તોરણ બાંધવામાં આવે છે.

(બાવળ, આસોપાલવ, વડ)

12. ખ્રિસ્તી લોકો _____ના તહેવારમાં પોતાનું ઘર શણગારે છે.

(ઈદ, પતેતી, નાતાલ)

13. ઘરની સફાઈમાં _____ નું કાર્ય નિયમિત થાય છે.

(કચરા-પોતું, રંગકામ, આખા ઘરને ધોવા)

14. તમે ઘરમાં _____માં જમવા બેસો છો. (બેઠકરૂમ, બાથરૂમ,રસોડા)
15. અનાથ બાળકોને રાખવા માટેના ઘરને _____ નામથી ઓળખવામાં આવે છે.

(વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, હોટલ)

16. જે વૃદ્ધોની જવાબદારી સંતાનો નિભાવવા તૈયાર ન હોય ત્યારે વૃદ્ધોને સમૂહમાં રહેવા માટે _____ ની વ્યવસ્થા કરવામાં આવે છે. (હોટલ, અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમ)
17. ચકલી-માળો, કીડી-દર, કરોળિયો- _____ (ઘર, મધપૂડો, જાળું)

નીચેનાં વિધાનોમાંથી સાચાં વિધાનની સામે ✓ની અને ખોટાં વિધાનની સામે **X** ની નિશાની કરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 કીડી કતારબંધમાં ચાલતું પ્રાણી છે.
2 ઉંદરની આંખો તેજ અને ગંધ પારખવાની શક્તિ મંદ હોય છે.
3 માખી અને મચ્છર આપણી પરવાનગી વગર ઘરમાં રહેવા આવી જાય છે.

4 ઈદના દિવસે ક્રિસ્મસટ્રીને શણગારવામાં આવે છે.
6 આપણા ઘરમાં પણ કીડીઓ દરનું ઘર બનાવીને રહે છે.
7 ઘરની સામેની ખુલ્લી જગ્યા પણ આપણા ઘરનો એક ભાગ ગણાય.
8 કરોળિયો સુતરની દોરીનું જાળું બનાવીને તેમાં રહે છે.
9 નાતાલના દિવસે ક્રિસ્મસટ્રીને શણગારવામાં આવે છે.
10 કરોળિયો અને કીડી એક જ પ્રકારના ઘરમાં રહે છે. .
11 કેટલાક લોકો સિમેન્ટની પાઇપમાં પણ પોતાનું ઘર બનાવે છે.
12 આપણા રક્ષણ માટે ઘરની જરૂર નથી.
13 રમજાન ઈદના દિવસે મસ્જિદને શણગારવામાં આવે છે.

નીચેનામાંથી બે ખોટા શબ્દો ચેકીને વાક્યને સાચું બનાવો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1 કરોળિયો/ફૂતરો/હાથી આપણી મરજી વગર ઘરમાં રહે છે.
2 શુભ પ્રસંગે ઘરના બારણે આસોપાલવ/લીમડા/ધતૂરાના પાનનું તોરણ બાંધવામાં આવે છે.
3 ઘર આપણું રક્ષણ/ભક્ષણ/તિરસ્કાર કરે છે.
4 ઉંદરની આંખોનું તેજ નબળું/સારું/ખરાબ હોય છે.
5 ઉંદરની ગંધ પારખવાની શક્તિ તેજ/મંદ/મધ્યમ હોય છે.
6 પક્ષીઓ પાંખો/પગ/પૂંછડી વડે ચાલે છે.
7 પક્ષીઓ પગ/પૂંછડી/પાંખો વડે ઉડે છે
8 જન્માષ્ટમીના દિવસે દહીં-હાંડી/રંગ-ગુલાલ/ફટાકડાથી ઉજવણી કરવામાં આવે છે.
9 દિવાળીના દિવસે ઘરને રંગોળી દીવડા/ક્રિસમસટ્રી/દહી-હાંડીથી શણગારવામાં આવે છે.
10 ઇદના દિવસે મસ્જિદ/મંદિર/ચર્યને રોશનીથી શણગારવામાં આવે છે.
11 નાતાલના દિવસે ઘરને મનીવેલ/ક્રિસમસટ્રી/આસોપાલવથી શણગારવામાં આવે છે.
12 ઘરને સ્વચ્છ રાખવા દરરોજ કચરા- પોતું/રંગોળી/દીવા કરવામાં આવે છે
13 ઉંદર/ગરોળી/કાચબો ઘરની દીવાલે ચોંટીને ચાલે છે.

જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1

અ વિભાગ	બ વિભાગ
1 ગરોળી	**A** દરમાં રહે છે
2 કરોળિયો	**B** ઉડીને ઘરમાં આવે છે.
3 કીડી	**C** દીવાલે ચોંટીને ચાલે છે.
4 માખી	**D** જોવાની શક્તિ મંદ હોય છે
5 ઉંદર	**E** પોતાની લાળમાંથી ઘર બનાવે છે

2.

અ વિભાગ	બ વિભાગ
1 દિવાળીના દિવસે	**A** ગુરૂદ્વારા શણગારવામાં આવે છે.

2 નાતાલના દિવસે
3 રમજાન ઈદના દિવસે
4 નાનક જયંતિના દિવસે
5 પતેતીના દિવસે

B અગિયારી શણગારવામાં આવે છે.
C મંદિર શણગારવામાં આવે છે
D ચર્ચ શણગારવામાં આવે છે.
E મસ્જિદ શણગારવામાં આવે છે

વર્ગીકરણ કરો. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ)

1 નીચે આપેલ સામગ્રીમાંથી ઘર શણગારવા અને ઘર સફાઈ માટેની સામગ્રી અલગ કરો.

(સાવરણી, આસોપાલવ, ઊભું ઝાડું, ફૂલ, સિરીઝ, ફિનાઈલ, તોરણ, પોતું, પાણી, રંગોળી)

ઘર શણગારવાની સામગ્રી	સફાઈ માટેની સામગ્રી

2 નીચેનામાંથી આપણી મરજીથી ઘરમાં આવતા અને આપણી મરજી વગર ઘરમાં બેસી રહેતા પ્રાણીઓને અલગ કરો.

(કૂતરું, કીડી, બિલાડી, માખી, મોર, કાગડો, મકોડા, ઉધઈ)

આપણી મરજીથી ઘરમાં આવીને રહેતાં પ્રાણીઓ	આપણી મરજી વગર ઘરમાં આવીને રહેતાં પ્રાણીઓ

ટૂંક જવાબી પ્રશ્નો

મને ઓળખી. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1.મારા તહેવારના દિવસે ઘરને રંગોળી અને દીવડાથી શણગારવામાં આવે છે.
2.શુભ પ્રસંગે મારા પાનનું તોરણ ઘરના બારણે બાંધવામાં આવે છે.
3 હું ઘરનો એક ભાગ છું જ્યાં રસોઈ બનાવવામાં આવે છે.
4 હું ઘરનો એક ભાગ છું મારો ઉપયોગ નાહવા-ધોવા માટે થાય છે.
5 હું ઘરનો એક ભાગ છું જ્યાં ઘરના લોકો અને મહેમાનો આરામથી બેસે છે.
6 મારું કામ ઘરનો કચરો સાફ કરવાનું છે.
7 હું ઘરના આંગણાને સુશોભિત કરતી રંગીન ડિઝાઇન છું.
8 હું ઘરનો એક ભાગ છું જે ઉનાળામાં સૂર્યના તડકાથી, ચોમાસામાં વરસાદથી અને શિયાળામાં ઠંડીથી ઘરમાં રહેતા લોકોનું રક્ષણ કરે છે.
9 હું મધપૂડામાં રહું છું.

નીચે આપેલા પ્રશ્નોના જવાબ એકથી બે વાક્યમાં લખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1.ઘરમાં પરિવાર સિવાયનાં અન્ય કયાં કયાં પ્રાણીઓ આપણી સાથે રહે છે**?**
2. તમારું ઘર કઈ કઈ સામગ્રીમાંથી બનેલું છે**?**
3. તમારા મિત્રના અને તમારા ઘરમાં શું ફેરફાર છે**?**
4. તમારા ઘરનો કચરો તમે ક્યાં નાખો છો**?**
5. તમારી શાળામાં સફાઈના કયાં કયાં સાધનો છે**?**
6. કેટલાક લોકોને સિમેન્ટની પાઇપમાં કેમ રહેવું પડતું હશે**?**
7. તમારા ઘરમાં અને શાળાના વર્ગખંડમાં હવા ઉજાસ ક્યાંથી આવે છે**?**

8. તમારા ઘરનું આંગણું અને શાળાનું મેદાન ક્યાં ક્યાં સાધનોથી સાફ કરવામાં આવે છે?
9. ઘર વિહોણા લોકો રહેવા માટે શું વ્યવસ્થા કરતાં હશે?
10. તમે ઘરને શણગારવા કઈ કઈ સામગ્રીનો ઉપયોગ કરો છો?
11. કયા કયા તહેવારે તમે ઘરને શણગારો છો?
12. આપણે ઘરની સ્વચ્છતા શા માટે રાખવી જોઈએ?
13. તમારા ઘરના કયા કયા ભાગનો ઉપયોગ સૌથી ઓછો થાય છે?

નીચે આપેલા ચિત્રનું અવલોકન કરી ચિત્રનું વર્ણન કરો...

(3 ગુણ)



અધૂરું વાક્ય પ

1. ઘરમાં
2. દિવાળીના દિવસે અમે.....
3. ઘર આપણું.....
4. મારા ઘરમાં હું, મારા પપ્પા.....

ઉખાણાં.(દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1. ખજૂરીનું પાન છું, દોરીથી બંધાઉ છું?
ઘરનો કચરો કાઢું છું, બોલો હું કોણ છું?
2. પાંદડા સીવી ઘર બનાવું,
ઈંડા મૂકી બચ્ચા સેવું, બોલો હું કોણ છું?
3. આંખો નબળી નાક જબરું,
દોડંદોડા કરું છું,દરમાં સંતાઉ છું, બોલો હું કોણ છું?
4. લાળથી ઘર બનાઉ છું.
જાળામાં હું રહું છું, બોલો હું કોણ છું?

ટૂંક જવાબી

નીચે આપેલા પ્રશ્નોના બેથી ત્રણ વાક્યમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ)

1 કેટલાક લોકોને ઘર હોતું નથી, તેઓ કયા કયા રહેતા હશે ?
2 તમે તમારું ઘર અને શાળા કેવી રીતે સ્વચ્છ રાખો છો?
3 તમારા ઘરના કયા કયા ભાગનો વપરાશ ઓછો થાય છે? શા માટે?
4 લગ્ન પ્રસંગે ઘરને કેવી રીતે શણગારવામાં આવે છે?

5 ઘર આપણને કઈ કઈ રીતે ઉપયોગી છે?

6 તમારા ઘરની આસપાસ સ્વચ્છતા રાખવા તમે શું કરો છો?

7 તમે ઘર ક્યારે ક્યારે શણગારો છો?

8 મકાન એ ઘર ક્યારે બને?

9 જેમની પાસે રહેવા ઘર નથી તેમને કેવી કેવી મુશ્કેલીઓ પડતી હશે?

10 તમે તમારા ઘરને કેવી રીતે સ્વચ્છ રાખો છો?

શબ્દ ચોરસ. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

નીચે આપેલા શબ્દ ચોરસમાંથી ઘર સફાઈ અને ઘર શણગારની સામગ્રીનાં નામ શોધી તેના ફરતે નમૂના મુજબ વર્તુળ કરી માગ્યા મુજબ યાદી બનાવો.

	સા	ર	ડી	પી	સા	દિ	વ	ડા
ઘર સફાઈની સામગ્રી					ઘર શણગારની સામગ્રી			
	દા	વ	સા	વ	સિ	ડ	ભ	ફ
	ભ	મ	ર	મ	ય	રી	દા	ફ

નીચે આપેલ યોગ્ય ક્રમમા (દરેક સાચા ગુણ

(1) આંગણામાં

(2) આંગણું સાફ

(3) લાવવાની યાદી

(4) રંગોળીના રંગો

વ	ણો	મ	ણી	સા	ઊ	જો	તો
લ	ઇ	ના	ફિ	ભુ	ધ	ડો	ર
પા	દા	સા	ઝા	રં	ગો	ળી	ણ
સો	રો	ડું	દા	પા	ણી	પો	ર
આ	ક	ચ	રા	પે	ટી	ભ	તું

ઘટનાને ગોઠવો. જવાબ માટે1

રંગોળી પૂરવી.

સાવરણીથી કરવું.

બજારમાંથી સામગ્રીની બનાવવી.

બજારમાથી લાવવા.

નિબંધાત્મક પ્રશ્નો

(દરેક સાચા જવાબ માટે **3** ગુણ**)**

1 ઘરની સફાઈ માટે વપરાતી કોઈપણ ત્રણ સામગ્રીના ઉપયોગ વિશે લખો...

2 ઘર શણગારવા માટે વપરાતી કોઈપણ ત્રણ સામગ્રીના ઉપયોગ વિશે લખો...

3 નીચે આપેલ માહિતી માટે ટૂંકી નોંધ તૈયાર કરો.

1 તમારા ઘરનું વર્ણન કરો.
2 તમે જોયેલા વૃદ્ધાશ્રમનું વર્ણન કરો.
3 તોરણ બનાવવાની રીતને ટૂંકમાં વર્ણવો.
4 તમારે સિમેન્ટની પાઈપમાં રહેવું પડે તો તમે તેમાં કઇ કઈ સુવિધાઓ કરશો.
5. તમે જોયેલા વર્ગખંડના સુશોભનનું વર્ણન કરો.

4 નીચે આપેલા પાત્રોનો ઉદાહરણ મુજબ ટૂંકો પરિચય આપો

સાવરણી : હું ઘરનો કચરો વાળવાના કામમાં વપરાઉ છુ. મને ખજૂરીના પાનમાથી બનાવવામાં આવે છે. હું સાવરણી તરીકે ઓળખાઉં છુ.

ઘર :

રસોડું :

આંગણું

શાળા :

બેઠકરૂમ:

માળો :

અનાથાશ્રમ :

વૃદ્ધાશ્રમ :

રંગોળી :

તોરણ :

5 નીચે આપેલ કાર્યોનું ટૂંકમાં વર્ણન કરો.

1. ઘરની સફાઈનું વર્ણન કરો.
2. ઘર સુશોભનનું વર્ણન કરો.
3. વર્ગખંડ સુશોભનનું વર્ણન કરો.
4. શાળા સુશોભનનું વર્ણન કરો.
5. લગ્નમંડપ સુશોભનનું વર્ણન કરો.

C-1.2. કુટુંબ અને સમુદાયમાં સંબંધો (જેવા કે માણસો/ પ્રાણીઓ/ પ્રકૃતિ વચ્ચેના) તથા સામાજિક પરંપરાઓ (જેવી કે કલા સ્વરૂપો, ઉજવણીઓ, તહેવારો) નું વર્ણન કરે છે.
C-1.4. સ્થાનિક સંસ્થાઓ (કુટુંબ, શાળા, બેંક/પોસ્ટ ઓફિસ, બજાર અને પંચાયતની કામગીરીને વિવિધ સ્વરૂપે (વાર્તા, ચિત્ર, ટેબ્યુલેટિંગ ડેટા, અહેવાલો) માં વર્ણવે છે અહેવાલ અને તેમની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે.
EV303 કુટુંબ અને ના સભ્યો સાથેના અરસપરસના સંબંધોને ઓળખે છે.

હેતુલક્ષી પ્રશ્નો

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

1.તમારા કાકાના પપ્પા તમારા શું કહેવાય?

(A) મામા (B)દાદા (C)ભાઈ (D) કુઆ

2. તમારા મમમ્મીનાં ભાઈ તમારે શું થાય?

(A) કાકા (B)મામા (C) કુવા (D) માસા

3.બિલવા પ્રાંશુના કાકાની દીકરી છે , તો બિલવા અને પ્રાંશુ વચ્ચે શો સંબંધ થાય?

(A) ભાઈ-બહેન (B) પિતરાઈ ભાઈ-બહેન
(C) માસિયાઈ ભાઈ-બહેન (D) મિત્રતા

4 .તમારાં ફોઈ તમારા પપ્પાનાં શું કહેવાય ?

(A) બહેન (B) માસી (C) માતા (D) મામી

5). તમારાં મમ્મીનાં બહેન તમારી બહેનનાં શું કહેવાય?

(A) બહેન (B) મામી (C) માસી (D) ફોઈ

ખાલી જગ્યાઓ પૂરો. (દરેક સાચા જવાબ માટે 1 ગુણ)

(1) દાદી મારા પિતાનાં_____ છે. (નાની, માતા, બહેન)
(2) પપ્પાનાં બહેનને_____કહેવાય. (ફોઇ, માસી, ભાભી)
(3) મારા દાદીના પતિ મારા_____કહેવાય. (નાના, કાકા, દાદા)
(4) મામાની પત્ની_____ કહેવાય. (મામી, કાકી, માસી)
(5) નાના મારી માતાના_____કહેવાય.(પિતા, કાકા, દાદા)
(6) મમ્મીનાં દેરાણી મારા_____થાય. (મામી, બહેન ,કાકી)
(7) પપ્પા એ મમ્મીના_____છે. (ભાઈ ,પિતા, પતિ)
(8) મમ્મી એ પપ્પાનાં_____છે. (પત્ની, બહેન, દાદી)
(9) માસી એ મમ્મીનાં_____ છે. (માસી, દાદી, બહેન)
(10) કાકાના દીકરા દીકરીને_____ ભાઈ બહેન કહેવાય. (પિતરાઈ, સગા)
(11) તમારાં દાદી તમારા પપ્પાનાં_____છે.(બહેન, માતા, દાદી)
(12) નાની એ માતાનાં_____છે. (માતા, ફોઈ, દાદી)
(13) મમ્મીના ભાઈનાં પત્નીને_____કહેવાય.(ભાઈ, કાકી, મામી)
(14) કાકીના પતિ તમારા_____કહેવાય.(કાકા, મામા, ભાઈ)
(15) તમારી બહેનની મમ્મી તમારી_____ કહેવાય. (માસી ,મમ્મી ,બહેન)

નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

(1) નાની નાના મમ્મીના માતા-પિતા છે.
(2) હું મારા મામાનો ભત્રીજો છું.
(4) દાદી એ કાકાનાં માતા છે.
(4) મામાની બહેન એ મારાં માસી નથી.
(5) ઘરમાં પ્રેમ અને સહકાર હોવો જોઈએ.
(6) ભાઈનાં પત્નીને ભાભી કહેવાય.
(7) મારો ભાઈ મામાનો ભાણેજ કહેવાય.
(8) માસી અને મામા એ ભાઈ બહેન નથી.
(9) કાકી એ કાકાનાં પત્ની છે.
(10) દાદા એ પપ્પાના પિતા છે.
(11) ફોઈ એ કાકાનાં બહેન નથી.
(12) મારી બહેન ફોઈની ભત્રીજી કહેવાય.
(13) મમ્મીના ભાઈ મામા કહેવાય.
(14) તમારી મમ્મી તમારાં માસીના બહેન છે.
(15) દાદા એ ફોઈના પિતા નથી.
(16) ઘર એ આપણી પ્રથમ શાળા છે.
(17) કાકા પપ્પાના ભાઈ છે.
(18) મારો ભાઈ મારા પપ્પાનો પુત્ર નથી.
(19) દાદી એ પપ્પાની માતા છે.
(20) મારી બહેન મારા પિતાની દીકરી છે.
(21) મમ્મીના મમ્મીને નાની કહેવાય.
(22) પપ્પાના નાના ભાઈની પત્ની મામી કહેવાય.

જોડકાં જોડો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

(1)

અ	બ
(1) દાદા	(A) મમ્મીના ભાઈ
(2) ફોઈ	(B) મમ્મીનાં બહેન
(3) માસી	(C) પપ્પાનાં બહેન
(4) મામા	(D) પપ્પાના પપ્પા

(2)

અ	બ
(1) કાકા	(A)મમ્મીના પપ્પા
(2) નાના	(B) મમ્મીના ભાઈ
(3) દાદી	(C) પપ્પાના ભાઈ
(4) મામા	(D) પપ્પાનાં મમ્મી

(3)

અ	બ
(1) ભાણેજ	(A) કાકા
(2) ભત્રીજો	(B) દાદી
(3) પુત્ર	(C) મામા
(4) પૌત્રી	(D) માતા

(4)

અ	બ
(1) ભાઈ	(A)દાદી
(2) પત્ની	(B) માતા
(3) પિતા	(C) ભાભી
(4) દાદા	(D) પતિ

ટૂંક જવાબી પ્રશ્નો

નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ)

(1) તમારા દાદા અને તમારા પિતા વચ્ચે શો સંબંધ છે?
(2) તમારા મમ્મીના ભાઈ તમારી બહેનના શું થાય?
(4) કાકાનાં બાળકો અને તમારી વચ્ચે શો સંબંધ છે?
(4) માસી અને મમ્મી વચ્ચે શું સંબંધ છે?
(5) મોટાભાઈની પત્નીને શું કહીને બોલાવશો?
(6) તમારા પિતા અને કાકા વચ્ચે શો સંબંધ છે?
(7) મમ્મીએ ઘરનો દરવાજો ખોલ્યો અને જેનીલને કહ્યું તારા પપ્પાને રાખડી બાંધવા આવ્યા છે, તો એ કોણ હશે?
(8) મમ્મીના ભાઈની પત્નીને શું કહેશો?
(9) તમારા અને તમારા કાકા વચ્ચે શો સંબંધ છે?
(10) તમારી બહેનના પતિ તમને શું થાય?
(11) પપ્પાના મોટાભાઈને શું કહેશો?
(12) શિવાંશના પપ્પા આંગણામાં બેઠેલા વ્યક્તિને પપ્પા કહે છે તો શિવાંશના એ કોણ થાય?
(13) તમારા અને તમારા દાદા વચ્ચે શો સંબંધ છે?
(14) તમારા નાના તમારી મમ્મીના શું થાય?
(15) તમારા પપ્પાની બહેનને શું કહેશો?
(16) કાકાની પત્નીને શું કહેવાય?
(17) જોયલ મામાના ઘરે જાય છે, ત્યાં તે તેની મમ્મીનાં માતાને મળે છે. જોયલ એમને શું કહીને બોલાવશે?
(18) તમારા પપ્પા અને ફોઈ વચ્ચે શો સંબંધ છે?
(19) તમારા દાદા તમારા કાકાના કોણ કહેવાય?
(20) ખુશ તેના ઘરે આવેલી વ્યક્તિને કાકા કહે છે,તો એ ખુશના પપ્પાના શું કહેવાય?

કોષ્ટકના આધારે ઉદાહરણ મુજબ સંબંધ લખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1.

ઉદાહરણ :- કાકા	પુ	ભા	ણે	જ	ચ	– ભત્રીજી
(1) દાદા -	ના	પૌ	ત્ર	સ	વી	_____
(2) બહેન	ભ	મા	જ	ને	રો	- _____
(3) મામા -	ત્રી	રા	બ	ચા	પુ	_____
(4) પિતા	જી	ન	કો	ત્ર	શી	-_____

2.

ઉદાહરણ :- કાકા – કાકી
(1) દાદા - _____
(2) માતા - _____
(3) કુઆ - _____
(4) મામી - _____

ઉદાહરણ મુજબ પાત્ર પરિચય આપો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

ઉદાહરણ:- દાદા - પપ્પાના પપ્પા
(1) નાની :- _____
(2) કાકા :- _____
(3) ફોઈ :- _____
(4) મામા :- _____
(5) દાદી :- _____
(6) નાના :- _____
(7) કાકી :- _____

(8) માસી :- _____
(9) બનેવી :- _____
(10) મામી :- _____
(11) ભાભી :- _____
(12) કુઆ :- _____

C-1.2.કુટુંબ અને સમુદાયમાં સંબંધો (જેવા કે માણસો/ પ્રાણીઓ/ પ્રકૃતિ વચ્ચેના) તથા સામાજિક પરંપરાઓ (જેવી કે કલા સ્વરૂપો, ઉજવણીઓ, તહેવારો) નું વર્ણન કરે છે.
C-1.4.સ્થાનિક સંસ્થાઓ (કુટુંબ, શાળા, બેંક/પોસ્ટ ઓફિસ, બજાર અને પંચાયતની કામગીરીને વિવિધ સ્વરૂપે (વાર્તા, ચિત્ર, ટેબ્યુલેટિંગ ડેટા, અહેવાલો) માં વર્ણવે છે અહેવાલ અને તેમની ભૂમિકાઓનું વિશ્લેષણ કરે છે.
EV306 કુટુંબના સભ્યોની ભૂમિકા, તેમની ટેવો, લક્ષણો, કાર્યો તથા સંયુક્ત કુટુંબમાં રહેવાની જરૂરિયાતનું વર્ણન લેખિત, મૌખિક કે અન્ય રીતે કરે છે.

હેતુલક્ષી પ્રશ્નો

નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

1 અથર્વએ કાચની બરણી ફોડી નાખી તો તેની મમ્મી તેને ખીજાય છે, તો મમ્મીના ચહેરા પર કયો ભાવ હશે?

(A) પ્રેમ (B) ગુસ્સો (C) ઉદાસી (D) ખુશી

2 નીચેનામાંથી કયું વાક્ય ઘરના સભ્યોની સારી ટેવો માટે સુસંગત નથી?

(A) ચંપલ ઘરની બહાર કાઢવા જોઈએ.
(B) સવાર-સાંજ પ્રાર્થના કરાવી જોઈએ.
(C) ઘરના વડીલોને માન અપાવું જોઈએ નહિ.
(D) ભોજનનો બગાડ ન કરવો જોઈએ.

3 ભવ્યને ચોકલેટ મળતાં તે ખુશ થાય છે, તો તે શું કરશે?

(A) રડવા લાગશે (B) ઉદાસ થશે (C) ગુસ્સો કરશે (D) હસવા લાગશે

4 આરાધ્યાને ભૂતકાળ વિશે જાણવું છે, તો તે કોની પાસે જશે?

(A) નાનો ભાઈ (B) દાદી (C) મિત્ર (D) નાની બહેન

5 નીચેનામાંથી કઈ બાબત આપણા પરિવારના સભ્યો સાથે સામાન્ય રીતે મળતી ન હોઈ શકે?

(A) દેખાવ (B) ચાલવું (C) હસવું (D) ખોરાક

નીચે આપેલાં ઉખાણાંનો જવાબ આપો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

(1) સુંદર વાર્તા તમને સંભળાવું,
પૂજા પાઠમાં સમય વિતાવું,
પપ્પાની તો મમ્મી કહેવાઉં
બોલો હું કોણ? _____

(2) મારા માટે લાવે મીઠાઈ,
રમકડાંની લગાવે લાઈન,
પપ્પાના એ નાના ભાઈ,
બોલો એ કોણ? _____

(3) વેકેશનમાં મજા કરાવે,
મેળા, ફિલ્મની મોજ કરાવે,
માસી એને ભાઈ કહીને બોલાવે,
બોલો એ કોણ? _____

(4) મને એ ખૂબ જ લાડ લડાવે,

ઈચ્છા મારી પૂરી કરાવે,
પપ્પા એને બહેન કહી બોલાવે,
બોલો એ કોણ? _____

નીચેની પરિસ્થિતિમાં કોની પાસે જાવ છો? ઉદાહરણ મુજબ લખો. (દરેક સાચા જવાબ માટે **1** ગુણ)

ઉદાહરણ :- મારે વાર્તા સાંભળવી હોય ત્યારે; દાદા પાસે જાવ છું.
(1) મારે ગૃહકાર્ય સમજવું હોય ત્યારે; _____
(2) મને ડર લાગે ત્યારે;_____
(3) મારાથી કંઈ ભૂલ થાય ત્યારે;_____
(4) મારે કોઈ ખાનગી વાત કહેવી હોય ત્યારે;_____
(5) મારે કોઈ વસ્તુ ખરીદવી હોય ત્યારે;_____
(6) મારે ફરવા જવું હોય ત્યારે;_____
(7) મારે મનગમતી વાનગી ખાવી હોય ત્યારે;_____
(8) મારે ભાઈ કે બહેન સાથે ઝઘડો થાય ત્યારે;_____
(9) ગૃહકાર્ય બાકી હોય અને રમવા જવું હોય ત્યારે;_____

ટૂંક જવાબી પ્રશ્નો

નીચેની પરિસ્થિતિ વિશે તમારા વિચારો લખો. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ)

(1) જો તમારા ઘરમાં બધા લોકો પોતાનું કામ ન કરે તો?
(2) તમારા ઘરમાં એક દિવસ રસોઈ ન બને તો?
(3) મમ્મી રમવા જવાની ના પાડે તો?
(4) ઘરમાંથી એક દિવસ કચરો કાઢવામાં ન આવે તો?
(5) પપ્પા ઘરમાં વસ્તુ લાવવાની ના પાડે તો?

નીચેના પ્રશ્નોના બે ત્રણ વાક્યમાં જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે **2** ગુણ)

(1) તમારા ઘરમાં કયા કયા નિયમો પાળવામાં આવે છે?
(2) તમારા ઘરમાં કોણ કયાં કાર્યો કરે છે?
(3) તમે તમારા કુટુંબના સભ્યો પાસેથી કયાં કામ શીખો છો?
(4) તમારી કઈ ટેવો કે લક્ષણો તમારા પરિવારના સભ્યોને મળતી આવે છે?
(5) તમે ઘરનાં કયાં કયાં કામ મદદ કરો છો?

નિબંધ પ્રકારના પ્રશ્નો

નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (દરેક સાચા જવાબ માટે **3** ગુણ)

(1) તમારા ઘરમાં નીચેના કામ કોણ કરે છે?
*રસોઈ બનાવવાનું _____
*કમાવા જવાનું _____
*પોતું કરવાનું _____
*કપડાં ધોવાનું _____
*બજારમાંથી વસ્તુ લાવવાનું _____
(2) તમારા પરિવાર વિશે પાંચ વાકયો લખો.
(3) સંયુક્ત કુટુંબમાં રહેવાના ફાયદા જણાવો.
(4) ઘરમાં નિયમો ન હોય તો શું થાય?